## FORM - A

| કડીના નામદાર અધિક સિવિલ જજ સાહેબની કોર્ટમાં,<br>મુ. કડી.<br>આંક-૩૭ | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૨૨/૦૪/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નં.** | ૩૮૭/૨૦૨૪ |
| **ગુનાની કલમ:** | ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ |
| **ગુના રજી. નં.** | - |
| **ફરીયાદી** | **રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાઓલ**<br>**રહે. એફ/૪૦૧, ગણેશ હોમ્સ, ગાયત્રી મંદિર પાસે,**<br>**તા.કડી, જી.મહેસાણા** |
| **ફરીયાદી પક્ષે વિ.વકીલશ્રી** | કે.કે.દવે |
| **આરોપી** | **ઓમ સાઈ મોબાઈલના માલિક મિતેશ બળદેવભાઈ અઢીયોલ**<br>**રહે. ૪૯, સોમેશ્વર કુંજ, સિધ્ધાર્થ સ્કુલની પાસે, સોમનાથ રોડ, મહેસાણા, ધંધાનું સ્થળ- બ્લોક નં.સી/૨૬-૨૭, જોયસ હબ ટાઉન, મહેસાણા** |
| **આરોપીપક્ષે વિ.વકીલશ્રી** | એ.એ.સૈયદ |

## FORM - B

| | |
|---|---|
| **ગુનાની તારીખ:** | ૧૦/૦૧/૨૦૨૪ |
| **એફ.આઇ.આર.ની તારીખ** | – |

| | |
|---|---|
| **પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ** | ૦૩/૦૪/૨૦૨૪ |
| **ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ** | ૨૫/૦૩/૨૦૨૬ |
| **ચુકાદા ની તારીખ** | ૨૨/૦૪/૨૦૨૬ |
| **સજાનો હુકમ ની તારીખ, જો હો તો.** | ૨૨/૦૪/૨૦૨૬ |

**-: આરોપીની વિગત :-**

| **આરોપીનો અનુ. નં.** | **આરોપીનું નામ** | **ધરપકડ ની તારીખ** | **જામીન મુકતીની તારીખ** | **તારીખ** | **શું નિર્દોષ છોડયા/ સજા કરી** | **કરવામાં આવેલ સજા** | **કલમ ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત નો સમયગાળો** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **ઓમ સાઈ મોબાઈલના માલિક મિતેશ બળદેવભાઈ અઢીયોલ** | - | - | N.I.Act - 138 | સજા કરી | ૧ વર્ષ | - |

**FORM - C**

**ફરીયાદી/ બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી -**

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1 | **રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાઓલ** | ફરીયાદી |

**ફરીયાદી/ બચાવપક્ષ/કોર્ટના આંકની સુચી -**

**(એ) ફરીયાદી પક્ષ**

| અનુ. નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | આરોપીએ આપેલ ચેક અસલ |
| ૨. | ૧૦ | રિટર્ન મેમો અસલ |
| ૩. | ૧૧ | આર.પી.એડી.ની સ્લીપ અસલ |
| ૪. | ૧૨ | આર.પી.એડી.ની સ્લીપ અસલ |
| ૫. | ૧૩ | નોટીસની સ્થળપ્રત |
| ૬. | ૧૪ | એકનોલેજમેન્ટ તથા બંધ કવર |
| ૭. | ૧૫ | એકનોલેજમેન્ટ તથા બંધ કવર |
| ૮. | ૧૬ | જી.એસ.ટી. સર્ટીફીકેટ |
| ૯. | ૧૭ | એક્સીસ બેંક ખાતાનું સ્ટેટમેન્ટ |
| ૧૦. | ૧૮ | એચ.ડી.એફ.સી. બેંક ખાતાનું સ્ટેટમેન્ટ |
| ૧૧. | ૧૯ | કે.એન.એસ.બી. બેંકની પાસબુકની કોપી |

**:: ચુકાદો ::**

1. ફરિયાદ પક્ષની કેસની હકીકત ટૂંકમાં નીચે મુજબ છે, આ કામના ફરિયાદી કડી મુકામે ફરિયાદમાં જણાવેલ સરનામે રહે છે અને માં કોર્પોરેશનના નામથી મોબાઈલ હોલસેલ તથા રીટેલમાં વેચાણ કરવાનો ધંધો કરી તેઓના કુટુંબનું ગુજરાન ચલાવે છે. આ કામના આરોપી પણ ઓમ સાઈ મોબાઈલના નામથી

મોબાઈલ વેચાણ કરવાનો ધંધો કરતા હોઈ અને મોબાઇલના એકઝીબીશનમાં તથા અન્ય જગ્યાએ અવાર નવાર વેપાર માટે મળવાનું થતું હોઇ મિત્રતા થયેલી અને ત્યારબાદ ઘર જેવા સબંધો થયેલા ફરિયાદી આરોપીને સારી રીતે ઓળખે છે અને આ કામના આરોપી પણ ફરિયાદીને સારી રીતે ઓળખે છે. આ કામના આરોપીને અંગત અને ધંધાના કામે પૈસાની જરૂર પડતા આરોપીએ ફરિયાદી પાસેથી રૂપિયાની માંગણી કરેલી જેથી ફરિયાદી પાસે ધંધાની બચત તથા તેઓના મકાનના મોર્ગેજ લોન કરાવેલ હતી તેના પડેલા પૈસા તા.૨૧/૦૫/૨૦૨૦ થી ૨૪/૧૧/૨૦૨૨ સુધી ટુકડે ટુકડે રોકડાથી અને બેંકથી કુલ ટોટલ રૂ.૪૪,૪૦,૦૦૦/- અંકે રૂપિયા ચુવાલીસ લાખ ચાલીસ હજાર પુરા આપેલા. ત્યારબાદ ફરિયાદીએ આપેલા પૈસા પૈકી આરોપીએ ફરિયાદીને તા.૦૧/૧૨/૨૦૨૦ થી તા.૦૭/૦૪/૨૦૨૩ સુધી ટુકડે ટુકડે રૂ.૧૫,૪૦,૦૦૦/ - અંકે રૂપિયા પંદર લાખ ચાલીસ હજાર પુરા પરત આપેલા અને આ પ્રમાણે આરોપી પૈસાની જરૂર પડે તેમ લઈ જતા હતા અને અમુક રકમ પરત પણ કરતા હતા. આમ, ફરિયાદી અને આરોપી વચ્ચે વ્યવહાર ચાલુ રહેતો હતો. ત્યારબાદ ફરિયાદીને લેણી રકમ પૈકી આરોપી પાસેથી રૂ.૨૯,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ પુરા લેવાના બાકી નિકળતા હતા જે આરોપીએ બે માસમાં પરત ચુકવી આપીશું તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલો. ત્યારબાદ ૨ માસનો સમય પુરો થતાં ફરિયાદીએ આરોપી પાસે તેઓની હાથ ઉછીનાની લેણી રકમની ઉઘરાણી કરેલી પરંતુ આરોપી વાયદા ઉપર વાયદા બતાવે જતાં હતા ત્યારબાદ ફરિયાદીએ કડક ઉઘરાણી કરતા આરોપીએ ફરિયાદીને તા.૨૨/૧૨/૨૦૨૩ ના રોજ ફરિયાદીની લેણી રકમ પૈકી બેંક ઓફ ઈન્ડિયા, મોઢેરા રોડ, મહેસાણા શાખાના પાંચ ચેકો તા.૨૨/૧૨/૨૦૨૩ ના ચેકનો નંબર ૨૫૩૪૫૧ રૂ. ૪,૮૦,૦૦૦/- પુરાનો તથા ચેક તા.૨૫/૧૨/૨૦૨૩ નો ચેકનો નંબર ૨૫૩૪૫૨ રૂ. ૪,૯૦,૦૦૦/- પુરાનો, ચેક તા.૨૭/૧૨/૨૦૨૩ નો ચેકનો નંબર ૨૫૩૪૫૩ રૂ. ૪,૯૫,૦૦૦/- પુરાનો, ચેક તા.૩૦/૧૨/૨૦૨૩ નો ચેકનો નંબર ૨૫૩૪૫૪ રૂ. ૪,૮૫,૦૦૦/- પુરાનો, ચેક

તા.૦૪/૦૧/૨૦૨૪ નો ચેકનો નંબર ૨૫૩૪૫૫ રૂ. ૮,૫૦,૦૦૦/- પુરાનો કુલ મળી રૂ.૨૮,૦૦,૦૦૦/- પુરાના આપેલા અને વિશ્વાસ અને ભરોસો આપેલો કે, તમો ચેક જમાં કરાવશો તો તમોને તમારા નાણાં મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો. તેમજ ચેકની તારીખ મુજબ ચેક ભરવા જતાં આરોપીને જણાવેલ ત્યારે આરોપીએ ફરિયાદીને જણાવેલ કે, હાલ પૈસાની સગવડ થયેલ ન હોવાથી સદર તમામ ચેકો તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ ભરશો તો તમોને તમારી હાથ ઉછીનાની લેણી નિકળતી રકમ જમા મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો. આમ ફરિયાદીએ આરોપીના કહ્યા પ્રમાણે આરોપીએ આપેલ ચેક રૂ.૪,૯૦,૦૦૦/- પુરાનો એક ચેક નં. ૨૫૩૪૫૨ નો શ્રી કડી નાગરીક સહકારી બેંક, કડી શાખામાં ફરિયાદીએ તેઓના ખાતામાં તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ જમાં કરવા સારૂ નાખેલો અને તે ચેક આરોપીની બેંકમાં ક્લીયરીંગમાં જતાં "સિગ્નેચર ડીફર"ના શેરા સાથે તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ પરત ફરેલો. જેની જાણ ફરિયાદીને તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ બેંકના જાણ કરતા પત્રથી થયેલી. આમ ચેક જમાં કરવા સારૂ નાંખવા છતાં આરોપીએ ખોટી સહીઓ કરી ચેકો આપેલ હોવાના કારણે ચેક પરત ફરેલ છે અને ફરિયાદીને તેઓના નાણાં આજદીન સુધી મળેલ નથી જેથી આરોપીએ ફરિયાદી સાથે પહેલેથી જ છેતરપીંડી કરવાનો બદઈરાદો સ્પષ્ટપણે જણાઈ આવે છે. ચેક પરત ફરતા ફરીયાદી એ આ કામના આરોપી ને અમારા વકીલ શ્રી મારફત તા. ૧૮-૦૧-૨૦૨૪ ના રોજ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ (બી) મુજબ નોટીસ કરેલ જે નોટીસ આરોપીને તા. ૧૯-૦૧-૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. તેમ છતા નોટીસમાં જણાવેલ સમયમાં આરોપી એ ફરિયાદીની ચેક મુજબ ની લેણી રકમ ચુકવેલ નથી અને તે રીતે આરોપી એ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે. જેથી ના ઈલાજે હાલની ફરીયાદ કરવા ફરજ પડેલ છે.

<u>આરોપીની પ્લી બાબતે</u>

2. આ કામે ફરિયાદ દાખલ થતા ફરિયાદીનું ક્રિમીનલ પ્રોસીજર કોડ 1973

ની કલમ 200 મુજબ વેરિફિકેશન તેમજ આરોપી સામે ઉપરોક્ત ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કાઢવામાં આવેલ જે સમય આરોપીને બજી જતાં આરોપી કોર્ટમાં હાજર થતા તેઓને ફરિયાદની નકલ આપવામાં આવેલ અને આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના બાબતે આંક - ૭ થી આરોપીની પ્લી લેવામાં આવેલ. અને જેમાં આરોપીએ ગુનાનો ઇનકાર કરેલ તેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**કેસની કાર્યવાહીનો સ્વરૂપ**

3. વટાઉખત અધિનીયમની એકટની કલમ-૧૪૩ મુજબ આ કેસ અન્વયેની કાર્યવાહી સમરી સ્વરૂપમાં ચલાવવાની રહે છે એટલે કે, આ કેસની કાર્યવાહી સંહીતા ના પ્રકરણ ૨૧ કલમ ૨૬૦ થી ૨૬૫ મુજબ ચલાવી શકાય છે અને કેસની કાર્યવાહી યોગ્ય પદ્ધતિથી અને લંબાણપુર્વક પુરાવો લેવા આરોપીની આંક-૭ થી પ્લી રેકર્ડ કરવામાં આવી અને આ કામે જે પુરાવો નોંધવામાં આવ્યો છે તેને ધ્યાને લેતા તે લંબાણપૂર્વક નોંધવામાં આવ્યો છે આમ, વટાઉખત અધિનિયમ એકટની કલમ- ૧૪૩ મુજબ આ કેસની કાર્યવાહી સમરી સ્વરૂપે ચલાવવાની રહે છે. પરંતુ આ કેસમાં લંબાણપૂર્વક પુરાવો નોંધવામાં આવેલો છે. હાલના કેસની કાર્યવાહી સમન્સ કેસ તરીકે ચલાવેલ છે.

**ફરીયાદી/ બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી -**

| **અનુ. નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| PW-1 | **રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાઓલ** | ફરીયાદી |

**ફરીયાદી/ બચાવપક્ષ/કોર્ટના આંક ની સુચી -**

**(એ) ફરીયાદી પક્ષ**

| અનુ. નં. | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૧. | ૦૯ | આરોપીએ આપેલ ચેક અસલ |
| ૨. | ૧૦ | રિટર્ન મેમો અસલ |
| ૩. | ૧૧ | આર.પી.એડી.ની સ્લીપ અસલ |
| ૪. | ૧૨ | આર.પી.એડી.ની સ્લીપ અસલ |
| ૫. | ૧૩ | નોટીસની સ્થળપ્રત |
| ૬. | ૧૪ | એકનોલેજમેન્ટ તથા બંધ કવર |
| ૭. | ૧૫ | એકનોલેજમેન્ટ તથા બંધ કવર |
| ૮. | ૧૬ | જી.એસ.ટી. સર્ટીફીકેટ |
| ૯. | ૧૭ | એક્સીસ બેંક ખાતાનું સ્ટેટમેન્ટ |
| ૧૦. | ૧૮ | એચ.ડી.એફ.સી. બેંક ખાતાનું સ્ટેટમેન્ટ |
| ૧૧. | ૧૯ | કે.એન.એસ.બી. બેંકની પાસબુકની કોપી |
| **બચાવપક્ષ** | | |
| | | |

**ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન:-**

4. આરોપીની પ્લી લીધા બાદ આરોપી પક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ લેવામાં આવેલ ન હોય ફરીયાદ પક્ષ તરફે આંક-૨૩ થી ફરીયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીનો હક્ક બંધ કરવા બાબતની અરજી રજુ કરવામાં આવતા જે અરજી લગત હુકમ કરી આરોપીનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ આરોપીની એફ.એસ.ના સ્ટેજે હોય પરંતુ આરોપી હાજર રહેલ ન હોય ફરીયાદ પક્ષ તરફે આંક-૩૫ થી આરોપીનો એફ.એસ. નો હક્ક બંધ કરવા બાબતની અરજી રજુ કરવામાં આવતા જે અરજી વંચાણે લઇ આરોપી તરફે કોઇ રીપોર્ટ કે રજુઆત ન હોય

તેમજ આરોપીને એફ.એસ. માટે પુરતી તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેતા ન હોય આરોપીની ગેરહાજરીને લક્ષમાં લઇ આરોપીનો એફ.એસ. નો હક્ક બંધ કરવામાં આવેલ છે.

5. નામદાર બોમ્બે હાઈકોર્ટ દ્વારા *Navneet Singh Gogia And Another Vs. State of Maharashtra And Another*, 2025 (0) AIJEL-MH 2502426 ના ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળના કેસોમાં જો આરોપીને વારંવાર તક આપવામાં આવેલ હોવા છતાં આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેતો ન હોય અને પોતાની ગેરહાજરી માટે કોઈ યોગ્ય કારણ જણાવતો ન હોય કે પોતાના વકીલ મારફતે ગેરહાજર રહેવા બાબતે માફી પણ માંગતો ન હોય તો ટ્રાયલ કોર્ટને તેની ગેરહાજરીમાં પણ કાર્યવાહી આગળ વધારવાની સત્તા રહેલ છે. વધુમાં એવુ પણ ઠરાવેલ છે કે, આવા સંજોગોમાં સી.આર.પી.સીની કલમ 313 મુજબ આરોપીનો ફરધર નીવેદનની કાર્યવાહી પણ ડ્રોપ કરી શકાય છે કારણ કે, કલમ 138 હેઠળની કાર્યવાહી જોવામાં આવે તો તે અર્ધ-ફોજદારી (quasi-criminal) હોવાથી ઝડપી ન્યાયના હેતુને ધ્યાનમાં રાખી કોર્ટ યોગ્ય વિવેકાધિકારનો ઉપયોગ કરી શકે છે. તેથી, આરોપી પોતાની ગેરહાજરી દ્વારા ન્યાયીક ઇન્સાફી કાર્યવાહી અટકાવી શકે નહી. કોર્ટને આવા કેસોમાં આરોપીની ગેરહાજરીમાં ટ્રાયલ આગળ ચલાવી શકે છે.

6. ફરીયાદી તરફે રજુ થયેલ દલીલની હકીકતોનું રિપીટેશન ન થાય તે માટે પુરાવાના મુલ્યાંકનમાં જ ચર્ચા કરેલ છે.

**--મુદ્દાઓ--**

7. ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

- મુદ્દા નં. ૧-શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, આંક-૯ વાળો ચેક આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરિયાદીને આપેલ છે ?

- મુદ્દા નં. ૨-શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે,આરોપી ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે
- મુદ્દા નં.૩–શું હુકમ ?

8. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

- મુદ્દા નં. ૧- હકારમાં.
- મુદ્દા નં. ૨- હકારમાં.
- મુદ્દા નં. ૩- આખરી હુકમ મુજબ.

**– કારણો –**

9. સદર કામે બંન્ને પક્ષો તરફથી રજુ થયેલ પુરાવાનું અને આરોપી પક્ષના બચાવ અંગે મૂલ્યાંકન કરતા પહેલા નામદાર સુપ્રિમ કોર્ટના " **Rangappa V/s Sri Mohan" , "2010 (1) DcR 706 (SC**)" ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા-૧૪ વંચાણે લેવો જરૂરી છે જે નીચે મુજબ છે.

**Para. 14.** In light of these extracts, we are in agreement with the respondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of

improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of `**preponderance of probabilities**'. **Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail.** As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

10. આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેવામાં આવે તો, નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ મુજબ પ્રાથમિક અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે. પરંતુ, તે અનુમાનનું ખંડન થયેલ છે કે કેમ? તે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાના આધારે નકકી કરવાનું હોય છે અને રજુ થયેલ પુરાવા ઉપરથી જ્યારે અનુમાનનું ખંડન થયુ હોય ત્યારે ફરીયાદપક્ષ

ઉપર પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી હોય છે. વધુમાં અનુમાનનું ખંડન કરવા સારૂ આરોપીએ પોતે વિટનેશ બોક્ષમાં હાજર થઇ પુરાવો આપવાની જરૂર નથી. માત્ર આરોપી પક્ષે ફરીયાદપક્ષના કેસ ઉપર સંભવિત શંકા ઉત્પન્ન થાય તેટલી હકીકત રેકર્ડ ઉપર લાવી શકે તે પણ પર્યાપ્ત છે.

11. આ સિવાય નામદાર સુપ્રિમ કોર્ટે In the case of " **Musaraf Hossain Khan V/s. Bhaghheratha Engg. Ltd. and Other reported in AIR 2006 S.C. 1288**, has held that for security convictions under to be proved are:-

a) that the cheque was drawn for payment of an amount of money for discharge of a debt/liability and the cheque was dishonored.

b) that the cheque was presented within the prescribed period;

c) that the payment made a demand for payment of the money be giving a notice in the writing to the drawer within the stipulated period; and,

d) that the drawer failed to make the payment within 15 days of the receipt of the notice.

12. આમ, જો સદરહું ચુકાદામાં જણાવેલ તમામ શરતોની પુર્તતા થાય તો ફરીયાદીના પક્ષમાં નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટમાં જણાવેલ કલમ-૧૧૮ અને ૧૩૯ મુજબની ઉપધારણા થાય છે. નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ માં જણાવેલ ઉપધારણા નીચે મુજબ છે.

13. કલમ-૧૩૯ :- **ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન:-** વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવુ માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ-૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઇ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઇ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં ચેક મેળવ્યો હશે.

14. સદર કામે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ મુજબ ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા સારૂ આરોપીએ ચેક આપ્યા તારીખથી સમય મર્યાદામાં ચેક ડિપોઝિટ કરાવવો જરૂરી છે. તે ચેક આરોપી દ્વારા તેમના બેન્ક ખાતાનો આપેલ છે તે હકીકત, તે ચેક સ્વીકાર્યા ના હોવાના કારણે રીટર્ન મેમો સાથે પરત ફરેલ હોવાનું ચેક સ્વીકારાયા વિના પરત ફર્યા બાદ સમય મર્યાદામાં રજી. પો.એ.ડી દ્વારા નોટીસ આપેલ હોવાનું, તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાનું અને નોટીસ મળી ગયા બાદ પણ આરોપીએ નાણાં સમય મર્યાદામાં ચુકવેલ નહી હોવાનું અને ત્યાર બાદ સમય મર્યાદામાં ફરીયાદ દાખલ કરેલ હોવાનુ જરૂરી છે.

15. પરંતુ, આ કલમ-૧૩૯ માં જણાવેલ જોગવાઇની શરૂઆતના શબ્દો વંચાણે લઇએ તો, "વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી" આથી એ સાબીત થાય છે કે, આ ઉપધારણા ખંડનીય ઉપધારણા (Rebuttable Presumption) હોય છે. આ સબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો **Krishna Janardhan Bhat V/S Dattartreya G. Hegde (2008 (2)SCC 166)** માં એવું ઠરાવેલ છે કે,

" that the presumption mandated by Section - 139 of N.I.Act, does indeed include the existence of legally enforceable debt or liability, It is a rebuttable presumption, open to the accused to raise defence wherein the existence of the legally enforceable debt or liability can be contested

16. **<u>ફરીયાદ સમય મર્યાદા મા દાખલ કરેલ છે કે કેમ તે અંગેના કારણ (લીમીટેશન)</u>**

આ કામે ફરિયાદીએ ચેક તા.૨૫/૧૨/૨૦૨૩ ના રોજ બેંકમાં રજુ કરેલો જે આંક-૯ થી રજુ છે. આંક-૯ નો ચેક ૧૦/૧/૨૦૨૪ ના ચેકના રીટર્ન મેમા સાથે પરત ફરેલો જે રીટર્ન મેમો આંક-૧૦ થી રજુ છે. આ કામે આંક-૧૩ વાળી નોટીસ જોવામાં આવે તો નોટીસ ફરીયાદીએ સમય મર્યાદામાં તા.૧૮/૧/૨૦૨૪ ના રોજ

નોટીસ આપેલી છે. જે જોતા આરોપીને મળી ગયેલ છે. જયારે હાલની ફરીયાદ તા.૧૫/૨/૨૦૨૪ ના રોજ દાખલ કરેલી હોય જે ફરીયાદ આરોપીને નોટીસ મળ્યા બાદ ૧૫ દિવસ વિત્યા બાદ ૩૦ દિવસ એટલે કે ટોટલ ૪૫ દિવસમાં હાલની ફરિયાદ દાખલ કરવાની હોય ફરીયાદીએ હાલની ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે તેવું આ કોર્ટનું તારણ છે. આમ, એ હકીકત નિર્વિવાદીત છે કે, ચેક તા.૨૫/૧૨/૨૦૨૩ ના રોજ બેંકમાં રજુ કરેલો જે આંક - ૯ થી રજુ છે. આંક-૯ નો ચેક તા.૧૦/૧/૨૦૨૪ ના ચેકના રીટર્ન મેમા સાથે પરત ફરેલો જે રીટર્ન મેમો આંક- ૧૦ થી રજુ છે. સદર ચેક પરત ફર્યા બાદ ફરીયાદીએ આંક-૧૩ વાળી કાયદેસરની નોટીસ આરોપીને તા.૧૮/૧/૨૦૨૪ ના રોજ કરેલ છે જે આંક-૧૩ પરથી જણાય આવે છે. જે નોટીસ આરોપીને મળી ગયા અંગેની એકનોલેજમેન્ટ આંક-૧૪ તથા આંક-૧૫ થી રજુ છે. આ તમામ દસ્તાવેજોને ફરીયાદીએ પોતાના આંક-૦૪ થી રજુ રાખેલ સોગંદનામાથી સમર્થન આપે છે. ત્યારબાદ સદર કામ આરોપી પક્ષ તરફે ફરીયાદીની ઉલટ તપાસ પર રાખવામાં આવેલ પરંતુ, આ કામે આરોપી પક્ષ તરફે સદર ફરીયાદીની ઉલટ તપાસ લેવામાં આવેલ ન હોય અને ફરીયાદ પક્ષ તરફે આંક-૨૩ થી આરોપીનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવા બાબતની અરજી રજુ કરવામાં આવતા જે અરજી લગત હુકમ કરી આરોપીનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

16.1. ફરિયાદીનો કેસ એવો છે કે, આ કામના ફરિયાદી કડી મુકામે ફરિયાદમાં જણાવેલ સરનામે રહે છે અને માં કોર્પોરેશનના નામથી મોબાઈલ હોલસેલ તથા રીટેલમાં વેચાણ કરવાનો ધંધો કરી તેઓના કુટુંબનું ગુજરાન ચલાવે છે. આ કામના આરોપી પણ ઓમ સાઈ મોબાઈલના નામથી મોબાઈલ વેચાણ કરવાનો ધંધો કરતા હોઈ અને મોબાઈલના એકઝીબીશનમાં તથા અન્ય જગ્યાએ અવાર નવાર વેપાર માટે મળવાનું થતું હોઈ મિત્રતા થયેલી અને ત્યારબાદ ઘર જેવા સબંધો થયેલા ફરિયાદી આરોપીને સારી રીતે ઓળખે છે

અને આ કામના આરોપી પણ ફરિયાદીને સારી રીતે ઓળખે છે. આ કામના આરોપીને અંગત અને ધંધાના કામે પૈસાની જરૂર પડતા આરોપીએ ફરિયાદી પાસેથી રૂપિયાની માંગણી કરેલી જેથી ફરિયાદી પાસે ધંધાની બચત તથા તેઓના મકાનના મોર્ગેજ લોન કરાવેલ હતી તેના પડેલા પૈસા તા.૨૧/૦૫/૨૦૨૦ થી ૨૪/૧૧/૨૦૨૨ સુધી ટુકડે ટુકડે રોકડાથી અને બેંકથી કુલ ટોટલ રૂ.૪૪,૪૦,૦૦૦/- અંકે રૂપિયા ચુવાલીસ લાખ ચાલીસ હજાર પુરા આપેલા. ત્યારબાદ ફરિયાદીએ આપેલા પૈસા પૈકી આરોપીએ ફરિયાદીને તા.૦૧/૧૨/૨૦૨૦ થી તા.૦૭/૦૪/૨૦૨૩ સુધી ટુકડે ટુકડે રૂ.૧૫,૪૦,૦૦૦/ - અંકે રૂપિયા પંદર લાખ ચાલીસ હજાર પુરા પરત આપેલા અને આ પ્રમાણે આરોપી પૈસાની જરૂર પડે તેમ લઈ જતા હતા અને અમુક રકમ પરત પણ કરતા હતા. આમ, ફરિયાદી અને આરોપી વચ્ચે વ્યવહાર ચાલુ રહેતો હતો. ત્યારબાદ ફરિયાદીને લેણી રકમ પૈકી આરોપી પાસેથી રૂ.૨૯,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ પુરા લેવાના બાકી નિકળતા હતા જે આરોપીએ બે માસમાં પરત ચુકવી આપીશું તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલો. ત્યારબાદ ૨ માસનો સમય પુરો થતાં ફરિયાદીએ આરોપી પાસે તેઓની હાથ ઉછીનાની લેણી રકમની ઉઘરાણી કરેલી પરંતુ આરોપી વાયદા ઉપર વાયદા બતાવે જતાં હતા ત્યારબાદ ફરિયાદીએ કડક ઉઘરાણી કરતા આરોપીએ ફરિયાદીને તા.૨૨/૧૨/૨૦૨૩ ના રોજ ફરિયાદીની લેણી રકમ પૈકી બેંક ઓફ ઈન્ડિયા, મોઢેરા રોડ, મહેસાણા શાખાના પાંચ ચેકો તા.૨૨/૧૨/૨૦૨૩ ના ચેકનો નંબર ૨૫૩૪૫૧ રૂ. ૪,૮૦,૦૦૦/- પુરાનો તથા ચેક તા.૨૫/૧૨/૨૦૨૩ નો ચેકનો નંબર ૨૫૩૪૫૨ રૂ. ૪,૯૦,૦૦૦/- પુરાનો, ચેક તા.૨૭/૧૨/૨૦૨૩ નો ચેકનો નંબર ૨૫૩૪૫૩ રૂ. ૪,૯૫,૦૦૦/- પુરાનો, ચેક તા.૩૦/૧૨/૨૦૨૩ નો ચેકનો નંબર ૨૫૩૪૫૪ રૂ. ૪,૮૫,૦૦૦/- પુરાનો, ચેક તા.૦૪/૦૧/૨૦૨૪ નો ચેકનો નંબર ૨૫૩૪૫૫ રૂ. ૮,૫૦,૦૦૦/- પુરાનો કુલ મળી રૂ.૨૮,૦૦,૦૦૦/- પુરાના આપેલા અને વિશ્વાસ અને ભરોસો આપેલો કે, તમો ચેક જમાં કરાવશો

તો તમોને તમારા નાણાં મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો. તેમજ ચેકની તારીખ મુજબ ચેક ભરવા જતાં આરોપીને જણાવેલ ત્યારે આરોપીએ ફરિયાદીને જણાવેલ કે, હાલ પૈસાની સગવડ થયેલ ન હોવાથી સદર તમામ ચેકો તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ ભરશો તો તમોને તમારી હાથ ઉછીનાની લેણી નિકળતી રકમ જમા મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો. આમ ફરિયાદીએ આરોપીના કહ્યા પ્રમાણે આરોપીએ આપેલ ચેક રૂ.૪,૯૦,૦૦૦/- પુરાનો એક ચેક નં. ૨૫૩૪૫૨ નો શ્રી કડી નાગરીક સહકારી બેંક, કડી શાખામાં ફરિયાદીએ તેઓના ખાતામાં તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ જમાં કરવા સારૂ નાખેલો અને તે ચેક આરોપીની બેંકમાં ક્લીયરીંગમાં જતાં "સિગ્નેચર ડીફર"ના શેરા સાથે તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ પરત ફરેલો. જેની જાણ ફરિયાદીને તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ બેંકના જાણ કરતા પત્રથી થયેલી. આમ ચેક જમાં કરવા સારૂ નાંખવા છતાં આરોપીએ ખોટી સહીઓ કરી ચેકો આપેલ હોવાના કારણે ચેક પરત ફરેલ છે અને ફરિયાદીને તેઓના નાણાં આજદીન સુધી મળેલ નથી જેથી આરોપીએ ફરિયાદી સાથે પહેલેથી જ છેતરપીંડી કરવાનો બદઈરાદો સ્પષ્ટપણે જણાઈ આવે છે. ચેક પરત ફરતા ફરીયાદી એ આ કામના આરોપી ને અમારા વકીલ શ્રી મારફત તા. ૧૮-૦૧-૨૦૨૪ ના રોજ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ (બી) મુજબ નોટીસ કરેલ જે નોટીસ આરોપીને તા. ૧૯-૦૧-૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. ત્યારબાદ અદાલત દ્વારા આરોપીને સમન્સ કરતા આરોપી અદાલતમાં હાજર થયેલ અને અદાલતમાં અદાલત દ્વારા તેની પ્લી લેવામાં આવેલ જેમાં હાલના આરોપીએ પોતે સદર ગુનાનો ઇનકાર કરેલ છે અને ત્યારબાદ આ કામ ફરિયાદીની ઉલટતપાસ માટે મુલતવી રાખવામાં આવેલ પરંતુ ત્યારબાદ આ કામના આરોપીના વિદ્વાન વકીલ અદાલતમાં હાજર હોવા છતાં ઉલટ તપાસ પસંદ કરેલ નથી. અને કોર્ટ દ્વારા વારંવાર આરોપીને સમન્સ/વોરંટ બજાવવામાં આવેલ હોવા છતાં આરોપી ઈરાદાપૂર્વક કોર્ટમાં હાજર ના રહી ન્યાયિક ઇન્સાફી

કાર્યવાહીમાં સહકાર આપેલ નથી. ત્યારબાદ આ કામના ફરિયાદી પક્ષે આંક - ૩૪ થી પોતે વધુ પુરાવો આપતા નથી તેવી પુરશીશ કરેલ, ત્યારબાદ સદર કામે આરોપી હાજર રહેલ ન હોય અને ફરીયાદ પક્ષ તરફે આંક-૩૫ થી આરોપીનો એફ.એસ. નો હક્ક બંધ કરવાની અરજી રજુ કરવામાં આવેલ હોય જેથી સદર અરજી લગત હુકમ કરી આરોપીનો એફ.એસ. નો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે તેમજ સદર કામ દલીલ માટે મુલતવી રાખવામાં આવેલ જેમાં આ કામના આરોપી પક્ષે કોઇ હાજર રહેલ નથી તેમજ ફરીયાદી તરફે દલીલ સાંભળવામાં આવેલ.

16.2. ફરિયાદ તથા રજૂ કરવામાં આવેલ તમામ પુરાવા વંચાણે લેવામાં આવ્યા તથા અધિનિયમની કલમ - 138 ના તમામ તત્વો હાલના કેસના સંજોગો સાથે જોવામાં આવે તો ફરિયાદીના કેસને કલમ - 138 મુજબની કોઈ તકની ખામી નડતી નથી તે હકીકત અત્રે નિર્વિવાદ છે. અત્રે નિર્વિવાદિત છે કે, ફરિયાદીએ તકરારી ચેક પોતાની બેંકમાં જમા કરાવતા તે ચેક પરત ફર્યો છે, ચેક ફરિયાદ કર્યા અંગે ફરિયાદીએ જાણ થતા તેમને કાયદાની જોગવાઈ અનુસાર મુદતની અંદર આરોપીને વટાવખત અધિનિયમની કલમ- 138 મુજબની કાયદેસરની નોટિસ આપી હતી. જે નોટિસ લેફ્ટ ના શેરા સાથે પરત આવેલ હતી. આરોપીએ આક્ષેપિત લેણું ફરિયાદીને દિન - 15 માં પરત ન ચૂકવતા ફરિયાદી એ હાલની ફરિયાદ અત્રેની કોર્ટમાં કરેલ છે, જેથી આ તબક્કે એવું કહી શકાય કે ફરિયાદી પોતાનો કેસ પ્રથમ દર્શનીય રીતે કોર્ટના રેકર્ડ ઉપર લાવેલ છે, જેથી હવે ફરિયાદીના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત કરવાનો બોજો આરોપીને શીરે રહે છે.

16.3. ઉપરોક્ત જણાવવા મુજબ વટાવ વખત અધિનિયમની કલમ - 139 મુજબ એવું અનુમાન કરવામાં આવે છે કે ચેકના ધારકે કલમ - 138 માં જણાવેલ ચેક કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશતઃ પૂર્ણ કરવા માટે મેળવ્યા હતા. આ કામે ઉપરોક્ત ચર્ચા અને રજૂ થયેલ પુરાવાઓ પરથી

ફરિયાદ પક્ષને તરફેણમાં વટાવખત અધિનિયમની કલમ 139 અને 118 મુજબ અનુમાન ઉપસ્થિત થાય છે અને ફરિયાદીનો આરોપી પાસે કાયદેસરનું લેણું છે તે માનવાને કારણે રહે છે.

16.4. ફરિયાદીની તરફેણમાં ઉપર મુજબનું અનુમાન ઉપસ્થિત થતું હોય તેવા સંજોગોમાં બચાવ પક્ષ તરફે ભારતીય પુરાવા અધિનિયમની કલમ - 101 મુજબ ખંડનાત્મક પુરાવો આપવાની જવાબદારી આવે છે જેથી આ તબક્કે એ ચોક્કસ એ ચકાસવું જરૂરી છે કે શું ફરિયાદ પક્ષે ફરિયાદ પક્ષની તરફેણમાં ઉપસ્થિત થયેલ અનુમાન અન્વયે ખંડનાત્મક પુરાવો રજૂ કરેલ છે કે કેમ ?

16.5. ઉપર નોંધ્યા મુજબ આરોપીના વિદ્વાન વકીલશ્રીએ ફરિયાદીની ઉલટ તપાસ પસંદ કરેલ નથી તેમજ આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી આ કામે આરોપી હાજર રહેલ ન હોય, ફરીયાદીની આંક-૩૫ થી રજુ આરોપીનો એફ.એસ. નો હક્ક બંધ કરવાની અરજી લગત હુકમ કરી આરોપીનો એફ.એસ. નો હક્ક બંધ કરવામાં આવેલ છે. આ કામના આરોપીએ પોતાના બચાવમાં આરોપીએ ફરિયાદીને ચેક આપેલાનું નકારેલ નથી, કે તકરારી ચેકમાં પોતાની સહી પણ નકારેલ નથી, રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવા જોવામાં આવે તો આરોપીએ ચેકમાં પોતાની સહી બાબતે તેમજ ચેક ફરિયાદીને આપ્યા બાબતે તકરાર લીધેલ ન હોય ત્યારે કાયદા મુજબનું અનુમાન ફરિયાદીની તરફેણમાં જાય છે. વધુમાં, ફરિયાદીની તમામ હકીકતોને ફરિયાદીએ સોગંદ ઉપર પુરવાર કરેલ છે અને બચાવ પક્ષ તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. આમ, હાલના કેસમાં એવું કહી શકાય નહિ કે ચેકની તારીખે આ કામના ફરિયાદી આરોપી પાસેથી કાયદેસરના લેણાપેટેની કોઈ રકમ લેવા હક્કદાર ન હતા. આ તબક્કે અત્રેની કોર્ટ નામદાર સુપ્રીમે કોર્ટના નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

**Punjab & Sind Bank Vs Vinker Sahakari Bank Ltd. 2001 VIII AD ( SC )** Thus , Section 118 of the Act mandates that

until the contrary is proved , the holder of negotiable instrument shall be presumed to be a holder in due course. The accused can rebut the presumptions provided under Section 139 and 118 of the Act and establish his case by preponderance of probabilities by relying upon the shortcomings in the complainant's case and for this , the evidence led by the complainant can be appreciated to see whether the accused has been able to rebut the presumptions . However , in case , the defence sets up a plea of defence then the burden is upon the accused to prove it, and if he fails to prove, then the case of the complainant stands proved.

In the case of **Modi Cement Ltd. Vs. Kuchil Kumar Nandy GLR 1998 ( 2 ) 1620 and K. Bhaskaran Vs. Palapetty SC 1999 CrLJ 4606**, it was said that. " Once a cheque is given in satisfaction of debt and the same is returned for in - sufficent funds and holder of the cheque gives the due notice and if even after such notice the payment is not made, there is presumption of the offence having been committed. The onus is on the accused to rebut that presumption.

" It is held by the Hon'ble Supreme Court in the case of **2000 ( 2 ) SCC 745 titled as M / s Kusum Ignots & Alloys Ltd. Vs M / s Pennar Peterson Securities Ltd** that to constitute an offence u/s 138 of Negotiable Instruments Act following requirements are to fulfilled: (i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account for the discharge of any debt or other liability ; (ii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier; (iii) that cheque is returned by the bank unpaid, either because of the amount of money

standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank; (iv) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice.

16.6. ઉપરોક્ત કરવામાં આવેલ ચર્ચા મુજબ અત્રે પ્રથમ અનુમાન ફરિયાદીની તરફેણમાં થાય છે કે આરોપીએ તકરારી ચેક ફરિયાદીને કાયદેસરના લેણા પેટે આપ્યો હતો. પરંતુ, આ ધારણા વિરુદ્ધ વ્યાજબી શંકા ઉપસ્થિત કરવાનો બોજો આરોપી ઉપર છે. હાલના કેસમાં આરોપી પોતાની તરફેણમાં કોઇપણ પુરાવો રજુ કરી ફરિયાદીના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શક્યા નથી. આ તબક્કે અત્રેની કોર્ટ નામદાર સુપ્રીમ કોર્ટના **બેરલ એન્ડ ડ્રમ મેનુફેક્ચરીંગ કંપની વિ . અમીનચંદ પ્યારેલાલ - ૧૯૯૯ ( ૩ ) એસ.સી.સી. ૩૫** - ના ચુકાદા ઉપર આધાર રાખે છે જેમાં નામદાર ઉચ્ચતમ અદાલતે નીચે મુજબ ઠરાવેલ છે –

“ The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence . Something which is probable has to be brought on record for getting benefit of the onus of proving to the plaintiff . To disprove the presumption , the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its nonexistence was so probable that a prudent man would , under the circumstances of the case , act upon the plea it did not exist . "

16.7. વટાવખત અધિનિયમ અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઇઓ અનુસાર આરોપીએ પોતાનો બચાવ ફરિયાદીના ધોરણે પુરવાર કરવાનો હોતો નથી. પરંતુ, માત્ર વ્યાજબી શંકા ઉપસ્થિત કરવાની રહે છે. પરંતુ આ બચાવ સંભવીત અને માનવાને પાત્ર હોવો પણ જરુરી છે. ઉપર કરેલ ચર્ચા મુજબ જયારે આરોપી તરફે પોતાના બચાવમાં કોઇ જ રસ દાખવેલ નથી કે ટ્રાયલ દરમ્યાન કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહી પોતાના બચાવ માં વિશેષ નિવેદનના તબક્કે કોઇજ કાર્યવાહી કરેલ નથી કે આંક - ૧૩ ની ફરિયાદીની નોટીસનો જવાબ પણ આપેલ નથી તેવા સંજોગોમાં ફરિયાદીના તરફેણમાં થયેલ વટાવખત અધિનિયમની કલમ-118 અને 139 મુજબના અનુમાનનું ખંડન આરોપી કરવામાં સફળ રહ્યા છે તેવુ કહી શકાય નહીં. જેથી ફરિયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીને કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ જે આરોપીએ ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર્સ હોવાના કારણોસર પરત ફરેલો અને જે બાબતેની કાયદેસરની નોટીસ આરોપીને આપ્યા બાદ આરોપીએ આ નાણાંની ચુકવણી નોટીસ મળ્યાના પંદર દિવસમાં કરેલ ન હોય આરોપી સામે વટાઉખત અધિનિયમની કલમ- 138 મુજબનો ગુનો પુરવાર થાય છે.

16.8. આમ, રેકર્ડ ઉપર સમગ્ર પુરાવા તથા દલીલો ધ્યાને લેતા ફરિયાદીએ પુરવાર કરેલ છે કે આ કામના આરોપીએ વટાઉખત અધિનિયમની કલમ-138 મુજબનો ગુનો કરેલો. જેથી સદર મુદ્દાનો જવાબ હું હકારમાં આપી બીજા મુદ્દા અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-: હુકમ : -**

1. આ કામના આરોપી **ઓમ સાઈ મોબાઇલના માલિક મિતેશ બળદેવભાઈ અઢીયોલ, રહે. ૪૯, સોમેશ્વર કુંજ, સિધ્ધાર્થ સ્કુલની પાસે, સોમનાથ રોડ, મહેસાણા, ધંધાનું સ્થળ- બ્લોક નં.સી/૨૬-૨૭, જોયસ હબ ટાઉન, મહેસાણા**નાઓને ફોજદારી કાર્યવાહી સંહીતાની  કલમ-૨૫૫ (૨) મુજબ વટાવ ખત અધિનિયમની કલમ - 138 ના ગુના સબબ તકસીરવાર / દોષિત

ઠરાવવામાં આવે છે.

2. આરોપીને સજાના પ્રશ્ન અંગે સાંભળવા માટે વધુ હુકમ મુલત્વી રાખવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ- ૨૫ મી, માહે - માર્ચ, સને - ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો .**

**તારીખ:૨૨/૦૪/૨૦૨૬**
**કડી**

**(રાકેશ મગનલાલ ભાટીયા)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**
**કડી**
**જજ કોડ:- GJ01708**

**-:સજા અંગે સાંભળ્યા : -**

સજા અંગે સાંભળતા, ફરીયાદીના વિદ્વાન વકિલશ્રીએ અધિનિયમની કલમ - 138 મુજબ આરોપી સામે મહત્તમ કેદની સજા તેમજ ચેકની બમણી રકમનો દંડની સજા કરીને ફરીયાદીને ચેકની રકમ વળતર તરીકે ચુકવવામાં આવે તેવી દલીલ કરેલ છે. આજરોજ આરોપી અગરતો આરોપીના વિ.વ.શ્રી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે સજાના પ્રશ્ન અંગે કોઇ રજુઆત કરેલ નથી. મારુ સ્પષ્ટપણે માનવું છે કે, આરોપીએ ફરિયાદીના કાયદેસરના નાણા ન ચુકવી ફરિયાદીને ખુબ જ મોટું નુકશાન કરેલું છે. વટાવખત અધિનિયમ તે એક વિશેષ ધારો છે અને તેની કલમ-138 ની જોગવાઇઓ જોતા આ ધારા પાછળનો હેતુ જયારે તે નાણાં ડુબાડવા માટે કસુરવાર કરે તે વ્યક્તિને યોગ્ય સજા કરી અને જે વ્યક્તિએ નાણાકીય વ્યવહાર વિશ્વાસથી કરેલ હોય તે નાણાકીય વ્યવહારની વિશ્વસનીયતા ટકી રહે તે માટે તેને આવા નાણાં પણ મળી રહે અને આરોપીને યોગ્ય શિક્ષા પણ કરી શકાય તેવો હેતુ રહેલો છે. જેથી જો આરોપીને ઓછામાં ઓછી સજા કરવામાં આવે તો આરોપીને તેની ગંભીરતા સમજાય નહીં અને ફરિયાદપક્ષને અન્યાય થાય તેવી પૂર્ણ સંભાવના છે. ઉપરોકત કરેલ ચર્ચા, તકરારી ચેકની રકમ તથા પક્ષકારોની પરિસ્થિતિ ધ્યાને રાખતા નીચે મુજબનો હુકમ

કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાતો હોઈ, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે:

**:: આખરી હુકમ ::**

1. આ કામના આરોપી **ઓમ સાઈ મોબાઈલના માલિક મિતેશ બળદેવભાઈ અઢીયોલ, રહે. ૪૯, સોમેશ્વર કુંજ, સિધ્ધાર્થ સ્કુલની પાસે, સોમનાથ રોડ, મહેસાણા, ધંધાનું સ્થળ- બ્લોક નં.સી/૨૬-૨૭, જોયસ હબ ટાઉન, મહેસાણા** ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 ની કલમ - 255(2) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 1881 ની કલમ-138 મુજબના ગુનામાં કસુરવાર ઠરાવવામાં આવેલ હોય, તેઓને એક વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે. અ

2. ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 ની કલમ- 357 (3) મુજબ ફરિયાદવાળા ચેક મુજબની રકમ રુ.૪,૯૦,૦,૦૦/- ( અંકે રૂપીયા ચાર લાખ નેવુ હજાર પુરા) આરોપીએ ફરિયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ એક માસ દરમિયાન ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સાદી કેદની સજા આરોપીને ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ કામે જો આરોપી આ વળતરની રકમ નાઝરશ્રી, કડીમાં જમા કરાવે તો અપીલ સમય વીત્યા બાદ આ વળતરની રકમ ફરીયાદીને આપવાનો આદેશ કરવામાં આવે છે.

3. આ કામના આરોપીએ ભોગવેલ સજા ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 ની કલમ 428 મુજબ મજરે આપવાની રહેશે.

4. ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 ની કલમ-363(1) મુજબ આરોપીને સજા થયેથી હુકમની નકલ તાત્કાલીક વિનામુલ્યે પુરી

પાડવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ચુકાદાના દીવસે આરોપી હાજર રહેલ ન હોઇ નામદાર સર્વોચ્ચ અદાલતના Rajesh Pondda V/s Satyanaranay Sirangam Reported as 2019(1) ACJ(SC) 478 ના ચુકાદામાં જણાવ્યા પ્રમાણે જ્યારે ચુકાદાની તારીખે આરોપી હાજર રહેલ ન હોય તો તેને વિનામૂલ્યે નકલ મેળવવા હકકદાર બનતા નથી.

5. આરોપી આજ રોજ રોજ  હાજર રહેલ ન હોઇ, ગુજરાત હાઇકોર્ટે Sharad J. Savla Vs State of Gujarat reported in 2017(3) G.L.R. 2352  ના ચુકદામાં જણાવ્યા પ્રમાણે આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી શકાય જેથી આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી.સી.કલમ - 418 (2)  મુજબ સદર ચુકાદો જાહેર કરવો ન્યાયોચિત જણાતુ હોય આજરોજ પક્ષકારોના વિ.વ.શ્રીને સાંભળી, આરોપીની ગેરહાજરીમાં સદર ચુકાદો જાહેર કરવામાં આવેલ છે. વધુમાં આરોપી વિરુદ્ધ હુકમ મુજબનું સજા વોરંટ ઈસ્યુ કરવા તથા તેની અમલવારી માટે લાગતા વળગતા પોલીસ સ્ટેશને યાદી સાથે મોકલવું.

**હુકમ આજરોજ તારીખ- ૨૨ મી, માહે - એપ્રિલ, સને - ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો .**

**તારીખ:૨૨/૦૪/૨૦૨૬** **(રાકેશ મગનલાલ ભાટીયા)**

**કડી** **જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**

**કડી**

**જજ કોડ:- GJ01708**